Lancashire County Council

# શોર્ટ બ્રેક (ટૂંકા વિરામ) ની વ્યવસ્થા: એક સંભાળ લેનાર તરીકે તમારે શું જાણવુ જરૂરી છે?

## સંભાળ લેનાર એટલે કોણ?

સંભાળ લેનાર એટલે એવી વ્યક્તિ છે, જે કોઇ મિત્ર, કૌટુંબિક સભ્ય, પડોશી, અથવા પ્રિય વ્યક્તિ જે પોતાનું દૈનિક જીવન, કોઇની મદદ વિના સંચાલિત ન કરી શકે, તેને કોઇ ચુકવણી વિના મદદ પુરી પાડે. આવુ ઉંમર, બીમારી, અપંગતા, માનસિક આરોગ્ય જરૂરીયાતો, માદક વ્યસન, અથવા અન્ય સંજોગોને કારણે હોઇ શકે. સંભાળ લેનાર, લોકોને પોતે ઇચ્છે તેવુ જીવન જીવવામાં મદદરૂપ થવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

## શોર્ટ બ્રેક (ટૂંકો વિરામ) એટલે શું?

શોર્ટ બ્રેક (ટૂંકો વિરામ) એટલે એક એવો આયોજીત સમયગાળો જે તમને, કોઇ ચૂકવણી સિવાય સંભાળ લેનાર તરીકે, તમારી સંભાળ લેનારની ભૂમિકાથી વિરામ લેવો. તે તમને આરામ અને તાજગી, તમારી સુખાકારી જાળવવા, અને સંભાળ પુરી પાડવાનુ ચાલુ રાખવાની તક આપે છે.
જો જે વ્યક્તિની તમે સંભાળ લો છો તે સ્થાનિક કાઉન્સિલ પાસેથી મદદ માટે લાયક હોય અને તમને તમારી સંભાળની જવાબદારીઓમાથી દૂર રહેવા સમયની જરૂર હોય તો શોર્ટ બ્રેક્સ ઉપલબ્ધ છે. તમારા બ્રેક (વિરામ) દરમ્યાન, જેની સંભાળ લઇ રહ્યા છો તે વ્યક્તિ તેમની નિશ્ચિત જરૂરીયાતો અને પરીણામોને સંતોષે તેવી સંભાળ અને મદદ મેળવવાનું ચાલુ રાખશે.

## શું જેની તમે સંભાળ લો છો તે વ્યક્તિ શોર્ટ બ્રેક મદદ પ્રાપ્ત કરી શકે છે?

શોર્ટ બ્રેકની વ્યવસ્થા ત્યારે થઇ શકે છે જ્યારે તે વ્યક્તિ Lancashire County Council તરફથી મદદ માટે લાયક હોય, અને એવુ માનવામાં આવે કે સંભાળ લેનારને સંભાળની ભૂમિકાથી દૂર રહેવાનો સમય લાભપ્રદ રહેશે. તમે સંભાળ લઇ રહ્યા છો તે વ્યક્તિને તેમની જરૂરીયાતોને સમજવા અને, મદદ માટે શ્રેષ્ઠ વિકલ્પોને ઓળખવા માટે સામાજીક સંભાળ જરૂરિયાતનું મૂલ્યાંકન કરવાની જરૂર પડશે. જો શોર્ટ બ્રેકની ભલામણ કરવામાં આવે, તો, આવો બ્રેક (વિરામ) કઇ રીતે કામ કરશે તે વિશેને વાતચીતમાં તમને સામેલ કરવામાં આવશે.

નિશ્ચિત કરેલ રકમ 12 મહિના માટે એક વાર્ષિક અંદાજ (બજેટ) તરીકે નક્કી કરવામાં આવે છે, અને તમે શોર્ટ બ્રેક ની મદદ તમારી જીંદગીઓને કઇ રીતે અનુકૂળ થશે તે પસંદ કરી શકો છો. આ વિગતો વ્યાક્તિના સંભાળ અને મદદ આયોજનમાં સામેલ કરવામાં આવશે, જે તેમના માટે સૌથી વધુ મહત્વનું શું છે તે દર્શાવે.

## શોર્ટ બ્રેક કઇ જગ્યાએ થઇ શકે?

શોર્ટ બ્રેક્સ તમારી જરૂરિયાતોને અનુકૂલિત રહેશે, તેમાં દિવસ, સાંજ, પુરી રાત અથવા સપ્તાહના અંતે, મદદ સામેલ છે, અને પોતાના ઘર ખાતે, માન્ય સંભાળ લેનારના ઘર, સમાજમાં વ્યવસ્થા, અથવા કોઇ રહેણાંક અથવા નર્સીંગ હોમ ખાતે થઇ શકે છે.

શોર્ટ બ્રેક તમે પુરી પાડી રહ્યા હો તે વિશીષ્ટ મદદને પ્રતિબિંબીત ન કરતો હોય, પરંતુ, તે વ્યક્તિની સંભાળ અને મદદ જરૂરીયાતોને સંતોષે અને તેમના માટે મહત્વના હોય તેવા પરીણામો મેળવવામાં મદદરૂપ થાય તે આવશ્યક છે.

## હું શોર્ટ બ્રેકની વ્યવસ્થા કઇ રીતે કરી શકું?

શોર્ટ બ્રેકની વ્યવસ્થા કરવા માટે ત્રણ જુદી જુદી રીતો છે:

### શોર્ટ બ્રેક માટે સીધી ચૂકવણીઓ

જો તમે આ વિકલ્પ પસંદ કરો છો, તો તમે જેની સંભાળ લઇ રહ્યા છો તે વ્યક્તિ– અથવા તેઓના પ્રતિનિધિ – તેઓના સંભાળ અને મદદ આયોજન અનુસાર સ્થાનિક કાઉન્સીલ પાસેથી નાણાની રકમ મેળવશે. આનો અર્થ એ કે આવી વ્યક્તિની જરૂરીયાતો સલામત અને કાનૂની રીતે સંતોષાય તે સુનિશ્ચિત કરવા સાથે તમારી સંભાળ લેવાની ભૂમિકામાથી બ્રેક (વિરામ) લઇ શકો છો.

સીધી ચૂકવણીઓ તમને ક્યારે અને કઇ રીતે શોર્ટ બ્રેક (ટૂંકો વિરામ) પુરો પાડવામાં આવે છે તેના પર અનુકૂળતા અને નિયંત્રણ આપે છે. ઉદાહરણ તરીકે, નાણાનો ઉપયોગ નીચેના માટે થઇ શકે છે:

- શોર્ટ બ્રેકની વ્યવસ્થા કોઇ રહેણાંક સંભાળ ઘર પર પુરી પાડવા માટે.
- ઘરે મદદ પુરી પાડવા કોઇ સંભાળ એજન્સી માટે ચૂકવણી કરવા માટે.
- સંભાળની મદદ માટે કોઇ અંગત સહાયક નિયુક્ત કરવા માટે.

આ વિકલ્પ પસંદગીનો અવકાશ આપે છે, સાથે સાથે, તે કેટલીક જવાબદારીઓ પણ સાથે લાવે છે, જેમ કે:

- જો તમે અંગત સહાયકને નોકરીએ રાખશો તો નોકરીદાતા તરીકેની જવાબદારી.
- વેતન ચૂકવવાની અને રેકોર્ડ રાખવાની જવાબદારી.
- શોર્ટ બ્રેક માટે જરૂરી સંભાળનું આયોજન કરવાની જવાબદારી.

સીધી ચૂકવણીઓના નાણાકીય પાસાનુ સંચાલન કરવામાં મુશ્કેલીનો સામનો કરતા લોકો માટે, મદદરૂપ થઇ શકે એવી સેવાઓ છે. તમારા સામાજીક સંભાળ કાર્યકર પ્રક્રિયા અને શું સામેલ છે તે સમજાવવામાં માર્ગદર્શન આપશે. Lancashire Independent Living Service (સ્વતંત્ર જીવન સેવા) સહાયક બેંકીંગ સેવાના વિકલ્પ સહિત સીધી ચૂકવણી ગોઠવવા અને સંચાલિત કરવામાં વ્યાવહારિક મદદ પુરી પાડી શકે છે. આનો અર્થ એ કે એક ત્રીજી પક્ષકાર સંસ્થા તમારા માટે ભંડોળની કાળજી લે છે અને તમારી સૂચનાના આધાર પર સંભાળ પુરી પાડનારાઓને સીધી ચૂકવણીઓ કરે છે. આ સેવા માટે લાગત (ચાર્જ) છે, અને Lancashire Independent Living Service (સ્વતંત્ર જીવન સેવા) વિકલ્પો વિશે તમારી સાથે વાત કરી શકે છે.

## *રોલીંગ (ફરતા) શોર્ટ બ્રેક્સ*

રોલીંગ (ફરતા) શોર્ટ બ્રેક્સ તમને અને તમે સંભાળ રાખો છો તે વ્યક્તિને ક્યારે અને કઇ રીતે મદદની વ્યવસ્થા, અંગે અનુકૂળતા અને પસંદગી આપે છે.
સામાજીક સંભાળનું મૂલ્યાંકન સમયે:

- તમે અથવા તમે જે વ્યક્તિની સંભાળ રાખો છો, તેમની પાસે પહેલેથી જ પસંદગીની સંભાળ પ્રદાતા હોઈ શકે છે.
- જો ના હોઈ, તો Lancashire County Council તમારી જરૂરીયાતો અને પસંદગીઓને સંતોષે તેવા સંભાળ પુરી પાડનારને શોધવામાં મદદ કરી શકે છે.

રોલીંગ (ફરતા) શોર્ટ બ્રેક્સમાં નીચેનો સમાવેશ થઈ શકે છે:

- સંભાળ ઘર (કેર હોમ)માં રહેવાસ
- ઘર પર સંભાળ
- દિવસ દરમિયાન કાળજી-મદદ (ડે કેર)
- અથવા તો તમારા અને જે વ્યક્તિની તમે સંભાળ લો છો તેમના માટે સૌથી વધુ અનુકૂળ શું હોય તેના આધાર પર મિશ્રિત વિકલ્પો,

એક વાર સંભાળ પ્રદાતા નક્કી થઇ જાય, પછી તેઓની વિગતો સંભાળ અને મદદ પ્લાનમાં સામેલ કરવામાં આવશે. તમે અને તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિ ત્યાર બાદ સમગ્ર વર્ષ દરમ્યાન તમારા માટે શ્રેષ્ઠ હોય તેવા શોર્ટ બ્રેક્સ મદદ સમયની વ્યવસ્થા કરવા પ્રદાતાનો સીધો સંપર્ક કરી શકો છો.

જો પસંદ કરેલ પ્રદાતા, વિનંતી કરેલ તારીખો પર મદદ ના કરી શકે, તો, Lancashire County Council તમને અથવા તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિને, વૈકલ્પિક પ્રદાતા શોધવા માટે મદદ કરી શકે છે, જેથી તમે બ્રેક (વિરામ) લઈ શકો છો.

*જો લેન્કેશાયર કાઉન્ટી કાઉન્સિલની, દિવસ દરમિયાન કાળજી-મદદ (ડે કેર), સહિયારી જીવન યોજના અથવા પૂખ્ત અપંગતા સેવાઓ (લર્નીંગ ડીઝેબીલીટી અને ઓટીઝમ) પસંદ કરી રહ્યા હોય તો રોલીંગ શોર્ટ બ્રેક્સ (ટૂંકા વિરામ) નો ઉપયોગ કરવો આવશ્યક છે.

---

*આયોજન કરેલ શોર્ટ બ્રેક્સ (ટૂંકા વિરામ)*

---

આયોજન કરેલ શોર્ટ બ્રેક્સ, સંભાળ ઘર (કેર હોમ)માં રહેવાસ અથવા ઘર પર – જે તમને અને તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને અનુકૂળ હોય ત્યાં ચોક્કસ તારીખો પરના પૂર્વ-આયોજીત સમયગાળા માટે છે. એકવાર તમે તારીખો મળી જાય, લેન્કેશાયર કાઉન્ટી કાઉન્સિલ તમને તમારી પસંદગીના પ્રદાતાની નોંધણી કરવામાં અથવા શોધવામાં મદદ કરી શકે છે. જો તમે સામાજીક સંભાળ મૂલ્યાંકન વખતે તારીખોની પુષ્ટિ કરવા અથવા પ્રદાતા પસંદ કરવા તૈયાર ન હો, પરંતુ તમે વિગતો પાછળથી નક્કી કરી શકો, તે માટે આ વિકલ્પ ઉપયોગી છે. આનો અર્થ એ કે તમને જ્યારે તેની જરૂર હોય ત્યારે સંભાળ સુનિશ્ચિત કરતી વખતે તમને અનુકૂળ હોય તે રીતે આયોજન કરી શકો છો.

## તમારા નક્કી કરેલ શોર્ટ બ્રેકનું સંચાલન

સામાજીક સંભાળ મૂલ્યાંકન દરમ્યાન શોર્ટ બ્રેક (ટૂંકા વિરામ) સંભાળના નક્કી કરેલ પ્રમાણની તમારી અને જેની તમે સંભાળ લેતા હો તો વ્યક્તિ પાસે પુષ્ટિ કરવામાં આવશે. સામાજીક સંભાળ કાર્યકર દ્વારા તેઓના સંભાળ અને સહાય આયોજનમાં આની નોંધ કરવામાં આવશે.

વર્ષ માટે નક્કી કરાયેલી રકમનો રેકોર્ડ રાખવો અને તેનો ઉપયોગ ક્યારે થાય છે તેની નોંધ લેવી મહત્વપૂર્ણ છે. તેનાથી શોર્ટ બ્રેક વધી ન જાય તે સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે.

# શોર્ટ બ્રેક માટે ચૂકવણી

બીન-નિવાસી સંભાળ સેવાઓ માટે નાણાકીય અસરો અનુસાર, તમે સંભાળ લેતા હો તે વ્યક્તિનું નાણાકીય મૂલ્યાંકન થશે, તેઓના શોર્ટ બ્રેક્સના ખર્ચ પેટે તેઓને ફાળો આપવાની જરૂર છે કે કેમ તે જોવા માટે આ મૂલ્યાંકન થશે. આ તેઓના વ્યક્તિગત સંજોગો પર આધારિત છે. જો તેઓ £23,250 કરતા વધુ બચત ધરાવતા હોય, અથવા નાણાકીય મૂલ્યાંકન પૂર્ણ ન કરવાનું પસંદ કરે, તો તેઓના શોર્ટનો સંપૂર્ણ ખર્ચ ચૂકવવો જરૂરી રહેશે. નાણાકીય મૂલ્યાંકન બાદ, તમે સંભાળ લેતા હો તો વ્યક્તિને તેઓના શોર્ટ બ્રેક પેટે તેઓને કેટલી રકમ ચૂકવવાની જરૂર પડશે તેની જાણ કરવામાં આવશે. શોર્ટ બ્રેકની ચૂકવણી માટે અલગ અલગ રીત છે. પ્રત્યેક વિકલ્પ કઇ રીતે કામ કરે છે તે અહીં આપેલ છે:

### શોર્ટ બ્રેક માટે સીધી ચૂકવણી

Lancashire County Council નક્કી થયેલ વાર્ષિક શોર્ટ બ્રેક રકમ વ્યક્તિના ડાયરેક્ટ પેમેન્ટ કાર્ડ એકાઉન્ટમાં જમા કરશે. સંભાળ મેળવતી વ્યક્તિએ તેઓનો મૂલ્યાંકિત ફાળો, તે જ ડાયરેક્ટ પેમેન્ટ કાર્ડ એકાઉન્ટમાં જમા કરવાની જરૂર પડશે.

### રોલીંગ (ફરતા) શોર્ટ બ્રેક્સ (ટૂંકા વિરામ)

દરેક શોર્ટ બ્રેક બાદ, તમે સંભાળ લેતા હો તે વ્યક્તિને Lancashire County Council તરફથી ઇન્વોઇસ મળશે. તેઓએ ઇન્વોઇસના પાછળના ભાગે આપેલ યાદીમાથી કોઇ પણ એક પદ્ધતિનો ઉપયોગ કરીને તેઓનો મૂલ્યાંકિત ફાળો ચૂકવવો આવશ્યક રહેશે. ઇન્વોઇસ દર ચાર અઠવાડિયે આપવામાં આવે છે. અને શોર્ટ બ્રેક્સના એક અઠવાડિયા કરતા વધુ અઠવાડિયા આવરી શકે છે. દરેક રકમ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે જેથી તે શાની સાથે સંબંધિત છે તે તમે જોઇ શકો.

### આયોજિત શોર્ટ બ્રેક્સ (ટૂંકા વિરામ)

તમે સંભાળ લેતા હો તો વ્યક્તિને સેવાની વ્યવસ્થા થાય ત્યારે Lancashire County Council તરફથી ઇન્વોઇસ મળશે. ઇન્વોઇસ દર ચાર અઠવાડિયે તૈયાર કરવામાં આવે છે અને શોર્ટ બ્રેક્સના એક અઠવાડિયા કરતા વધુ અઠવાડિયાનો સમાવેશ થઇ શકે છે. દરેક રકમ સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે જેથી તે શાની સાથે સંબંધિત છે તે તમે જોઇ શકો.

**ઉદાહરણ તરીકે**, જો કુલ શોર્ટ બ્રેક (ટૂંકા વિરામ) નું બજેટ £1,000 હોય અને મૂલ્યાંકિત ફાળો કરેલ રકમ £80 હોય, તો તમે સંભાળ લેતા હો તે વ્યક્તિ ડાયરેક્ટ કાર્ડ એકાઉન્ટમાં £80, અને કાઉન્સીલ £920. ઉમેરે છે. આ શોર્ટ બ્રેક (ટૂંકા વિરામ) માટે પુરા £1,000 બજેટની રકમ છે.

## શોર્ટ બ્રેક (ટૂંકા વિરામ) માટે ટોપ-અપ (વધારાની રકમ) ચૂકવણીઓ

કેટલાક રહેણાંક અને નર્સીંગ ઘર ટોપ-અપ વસુલ કરે છે. આ કાઉન્સીલ દ્વારા ચૂકવાયેલ રકમ અને સંભાળ ઘર વિનંતિ કરે છે તે ફી વચ્ચેનો તફાવત છે. મોટા ભાગના કિસ્સાઓમાં, તમે સંભાળ લો છો તે વ્યક્તિ જાતે આ ટોપ-અપ ચૂકવી શકતા નથી. કૌટુંબિક સભ્ય, મિત્ર, અથવા કોઇ ત્રીજા પક્ષકારે જ્યાં શોર્ટ બ્રેક ના સમયગાળા માટે વધારાની રકમ લાગુ પડતી હોય ત્યાં ચૂકવવા સંમત થવુ આવશ્યક છે.

**અપવાદ**: જો તમે સંભાળ લો છો તે વ્યક્તિ મેન્ટલ હેલ્થ એક્ટ (માનસિક આરોગ્ય અધિનિયમ) 1983 હેઠળ કલમ 117 પશ્ચાત-સંભાળ (આફ્ટરકેર) મેળવી રહેલ હોય, તો તેઓ તેમની પોતાની ટોપ-અપ ફી પ્રથમ-પક્ષકાર ચૂકવણી કરનાર તરીકે ચૂકવી શકે છે. Lancashire County Council શોર્ટ બ્રેક સંભાળ પ્રદાતા શોધવામાં તમને મદદ કરી શકે છે અને ટોપ-અપ ચૂકવણી લાગુ પડે છે કે કેમ તે જણાવશે.

**રોલીંગ શોર્ટ બ્રેક્સ-** ત્રીજા પક્ષકાર ટોપ-અપ ચૂકવણી, સંભાળ ઘરને, ટોપ-અપ કરવા સંમત થનાર વ્યક્તિ દ્વારા સીધા ચૂકવવામાં આવે છે.

**આયોજીત શોર્ટ બ્રેક્સ-** Lancashire County Council ત્રીજા પક્ષકાર ટોપ-અપ કરારની પ્રક્રિયા કરશે, જેમાં ટોપ-અપ ચૂકવનાર વ્યક્તિ દ્વારા સહી કરવી આવશ્યક છે. ત્યારબાદ કાઉન્સીલ વપરાયેલ શોર્ટ બ્રેકના સમયગાળાને આવરી લેતી નક્કી કરેલ રકમ માટે ઇનવોઇસ તેમને આપશે.

**શોર્ટ બ્રેક્સ માટે સીધી ચૂકવણી-** ત્રીજા પક્ષકાર ટોપ-અપ ચૂકવણી, સંભાળ ઘરને ટોપ-અપ ચૂકવણી કરવા સંમત થનાર વ્યક્તિ દ્વારા સીધી ચૂકવવામાં આવે છે.

## ક્યારે શોર્ટ બ્રેક્સનો ઉપયોગ ન થઇ શકે.

- **કટોકટી અથવા તત્કાળ સ્થિતિઓમાં**. જો તમે અણધારી રીતે સહાય પુરી પાડવા અસમર્થ હો તો, તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિની જરૂરીયાતો અને પસંદગીને સંતોષે તેવી ઉચિત સંભાળ મેળવવાનુ ચાલુ રાખે તે સુનિશ્ચિત કરવા માટે પૂર્વ-આયોજન કરેલ હોવુ જોઇએ.
- **જ્યાં નિયમિત સહાય પહેલાથી જ ગોઠવાયેલ હોય**. શોર્ટ બ્રેક્સ (ટૂંકા વિરામ), હયાત સેવાઓનું સ્થાન ન લઇ શકે. તેઓ ચાલતી મદદને પૂરક બનવા અને તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિને, તેઓ ઇચ્છે તેવુ જીવન જીવવામાં મદદરૂપ થાય તેવી જે વ્યવસ્થા ગોઠવાયેલ હોય તેની સાથે સાથે કાર્ય કરવા માટે છે.

- **પ્રવાસ-રજાઓ માટે ભંડોળ.** શોર્ટ બ્રેક્સ નો ઉપયોગ તમારા માટે અથવા તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિ માટે, રજાઓની ચૂકવણી માટે કરી શકાશે નહિ. વ્યક્તિની ઓળખાયેલી જરૂરિયાતો અને સુખાકારીને પ્રોત્સાહન આપતા પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, અને નહિ કે ફુરસદ અને મનોરંજક ખર્ચ પર.

- **જ્યારે વ્યક્તિ પૂરેપુરૂ NHS કન્ટીન્યુઈંગ હેલ્થ કેર ફંડીંગ (નિરંતર આરોગ્ય સંભાળ ભંડોળ) મેળવતી હોય.** Lancashire County Council સંભાળ રાખનારાના મૂલ્યાંકન, અને સંભાળ રાખનારાઓને સહાય પૂરી પાડવા માટે જવાબદાર છે. પરંતુ, જો તમે સંભાળ લો છો તે વ્યક્તિ NHS કન્ટીન્યુઈંગ હેલ્થ કેર ફંડીંગ મેળવતી હોય અને શોર્ટ બ્રેક આવશ્યક હોય, તો NHS કન્ટીન્યુઈંગ હેલ્થ કેર દ્વારા આની વ્યવસ્થા કરવી અને ભંડોળ પુરૂ પાડવુ આવશ્યક છે.

## શોર્ટ બ્રેક્સ બજેટની પુનઃ શરૂઆત (રીન્યુઅલ)

શોર્ટ બ્રેક બજેટ ૧૨ મહિના માટે હોય છે. કોઇ પણ બાકી રહેલી રકમ, આગળ લઈ જઈ શકાતી નથી. કાઉન્સિલ બચેલા પૈસા પાછા લઈ શકે છે. ૧૨ મહિનાના સમયગાળાના અંત નજીક, તમે અથવા તમે જેની સંભાળ લો છો તે વ્યક્તિ (અથવા તેઓના પ્રતિનિધિ)એ કસ્ટમર એક્સેસ સેવાનો સમ્પર્ક **0300 123 6720** નંબર પર રીન્યુઅલની વિનંતિ કરવા માટે ફોન કરવો જોઇએ. જો વ્યક્તિની જરૂરીયાતો બદલાઇ હોય અથવા તમે અલગ પ્રકારના શોર્ટ બ્રેક (જેમ કે રોલીંગ શોર્ટ બ્રેક્સ) માં બદલાવા ઇચ્છતા હો, તો કસ્ટમર એક્સેસ મદદની સમીક્ષા અને સુધારા-વધારા કરવા માટે તમને યોગ્ય ટીમ સાથે સંપર્ક કરાવી આપશે.

## સંભાળ લેનારાઓ માટે વધારાની સહાય

સંભાળ લેનારા સંભાળ લેનાર મૂલ્યાંકન માટે હક્કદાર છે. લેન્કેશાયર કેરર્સ સર્વિસ, લેન્કેશાયર કાઉન્ટી કાઉન્સિલ વતી, તમારી મહત્વપૂર્ણ ભૂમિકામાં મદદ કરવા માટે સંભાળ રાખનારાઓને નીચેની સહાય પૂરી પાડે છે:

- પ્રતિ-દિવસ-24-કલાક કેરર એડવાઇસ ટેલિફોન પર ચાટ-લાઇન-વાતચીત સેવા.
- જ્યાં સંભાળ લેનારાઓ તેઓની ભૂમિકા પુરી પાડવામાં અસમર્થ હોય તેવી પરિસ્થિતિઓ માટે તૈયારી કરવા કટોકટીની પરિસ્થિતિ માટે આયોજનમાં મદદ.
- સંગત-મિત્રતા શોધવા અને બ્રેક (વિરામ) લેવામાં મદદરૂપ થવા માટે વોલન્ટીયર બીફ્રેન્ડીંગ એન્ડ સીટીંગ ઇન સર્વીસ.
- ડિજિટલ માહિતી સંસાધનો-પ્રાપ્તિસ્થાન અને અન્ય ઘણી વિગતો

લેન્કશાયર કેરર્સ સર્વીસ વિશે વધુ જાણો:

ઉપલબ્ધ સહાય વિશે જાણો:

ઇસ્ટ લેન્કશાયર

ઇ-મેઇલ: info@carerslinklancashire.co.uk

**Call: 0345 688 7113**

સેન્ટ્રલ અને નોર્થ લેન્કશાયર

ઓનલાઇન: ટચ ઓનલાઇનમાં જાઓ અને તેઓની વેબસાઇટ પર ફોર્મ ભરો

**Call: 03450 138 208**

કેરર્સ કાઉન્ટ લેન્કેશાયર પરથી પણ તમે મદદ મેળવી શકો છો